eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 204
November 13, 2008

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૭/૧૧/૨૦૦૯ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત કડીવાળા કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા સ્ત્રી નશબંધી ઓપરેશન કેમ્પ



સુરત મહાનગરપાલિકા સંચાલિત કડીવાળા કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા સ્ત્રી નશબંધી ઓપરેશનના કેમ્પનું તા. ૦૬–૧૧–૨૦૦૯ ના રોજ આયોજન કરવામાં આવેલુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે – ૧૧ નવેમ્બર ૨૦૦૯ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં સમગ્ર ભારતમાંથી **Lymphatic Filariasis** (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## માયસોર મહાનગરપાલિકાના ૧૭ મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ તથા બે અધિકારીશ્રીઓની ટીમ સુરતની મુલાકાતે

માયસોર મહાનગરપાલિકાના ૧૭ મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ તથા બે અધિકારીશ્રીઓની ટીમ તા. ૦૬–૧૧–૦૯ થી તા. ૦૯–૧૧–૦૯ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના **JnNURM** પ્રોજેકટ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વોટર સપ્લાય અને ગનમ મેન્ટેનેશનના કામોની માહિતી મેળવવા સુરત શહેરની મુલાકાતે આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ઓકટોબર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૪૦૩૭ ઈન્ડોર તથા ૩૬૭૫૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૭૧૨ તથા મોટા ૫૨૧ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૭૧૪૨ એક્ષ રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન ખાતે ફલાય ઓવર બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ વરાછા ઝોન ખાતે વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર ફલાય ઓવર બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી દિપકાભાઈ આફ્રિકાવાલાના વરદ્‌હસ્તે તા. ૧૧–૧૧–૨૦૦૯ નાં રોજ માનનીય મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે તેમજ શ્રીમતિ દર્શનાબેન જરદોશ મા. સાંસદશ્રીના મુખ્ય મહેમાનપદે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે 'ઓકટેવ–સુરત ૨૦૦૯

ભારત સરકારના સાંસ્કૃતિ મંત્રાલય,પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય ઉદયપુર, ઉત્તર–પૂર્વ ક્ષેત્રિય સાંસ્કૃતિક કેન્દ્ર, દીમાપુર, ગુજરાત રાજયનો યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે 'ઓકટેવ–સુરત ૨૦૦૯' ઉત્તર–પૂર્વીય રાજયોનો કલા–સંસ્કૃતિ ઉત્સવ તા. ૭ થી ૧૧ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઓકટેવ સૂરત–૨૦૦૯

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય, પશ્ચિમ ક્ષેત્રે સાંસ્કૃતિક મંત્રાલય ઉદયપુ, ઉત્તર–પૂર્વ ક્ષેત્રિય સાંસ્કૃતિક કેન્દ્ર દીમાપુર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "ઓકટેવ સૂરત–૨૦૦૯"નું આયોજન તા. ૭ થી ૧૧ નવેમ્બર–૨૦૦૯ દરમ્યાન પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ઓકટેવ–સુરત–૨૦૦૯" ની પૂર્ણાહુતી

ભારત સરકારના સાંસ્કૃતિ મંત્રાલય,પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય ઉદયપુર, ઉત્તર–પૂર્વ ક્ષેત્રિય સાંસ્કૃતિક કેન્દ્ર, દીમાપુર, ગુજરાત રાજયનો યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "ઓકટેવ–સુરત–૨૦૦૯" ઉત્તર –પૂર્વીય રાજયોનો કલા–સંસ્કૃતિ ઉત્સવ તા. ૭ થી ૧૧ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. જેનો સમાપન સમારોહ તા.૧૧/૧૧/૨૦૦૯ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૭/૧૧/૨૦૦૯ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૪૯ કતારગામ, ફાઈનલ પ્લોટ નં. ૧૭૭,૧૭૮, અને ૧૯૦ ની પાસેથી પસાર થતા મંજુર થયેલ ડ્રાફટ ટી.પી. નં. ૧૨ મીટરના પહોળાઈના રસ્તામાંથી ગેરકાયદેસર રીતે માટીનું ખોદાણ કરી આશરે ૧૬૨૦ ઘનમીટર માટી જેની કિંમત અંદાજે રૂા. ૧,૬૨,૦૦૦/– ની માટી ચોરી જવાનું ધ્યાન પર આવતા આજરોજ તા. ૭/૧૧/૨૦૦૯ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશનમાં ઘનશ્યામભાઈ ડી. પટેલ (ભગત) નામના ઈસમ સામે ફોજદારી પગલાં ભરવા ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત કડીવાળા કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા સ્ત્રી નશબંધી ઓપરેશન કેમ્પ



સુરત મહાનગરપાલિકા સંચાલિત કડીવાળા કુટુંબ કલ્યાણ કેન્દ્ર ધ્વારા સ્ત્રી નશબંધી ઓપરેશનના કેમ્પનું તા. ૦૬–૧૧–૨૦૦૯ ના રોજ આયોજન કરવામાં આવેલ જેમાં લાઈટ અને ફાયર સમિતિના ચેરમેનશ્રી હિતેશભાઈ મૈસુરીયા, ડે. ચેરમેનશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી પિયૂષભાઈ શિવશકિતવાળા, કોર્પોરેટરશ્રી ઉર્મિલાબેન રાણા, તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧) ડૉ. અરૂણાબેન પટેલ, ડે. એમ.ઓ.એચ.શ્રી પ્રદીપભાઈ ઉમરીગર સાહેબ, માનદ ડૉ. પૂવી બેન શાહ તેમજ સર્જનશ્રી ર્ડા. પર્સીસબેન એચ. મેવાવાળા, મેડીકલ ઓફિસરશ્રી ર્ડા. જયશ્રીબેન સી. ચોકસી, તથા ર્ડા. દિનેશભાઈ એસ. પટેલ ધ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન અને હાજરી આપવામાં આવી હતી. અને ૧૯ સ્ત્રી નશબંધી ઓપરેશન કરવામાં આવ્યા હતા.

TOP

## રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે – ૧૧ નવેમ્બર ૨૦૦૯ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં સમગ્ર ભારતમાંથી **Lymphatic Filariasis** (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગાના રોગ માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ હેઠળ લાવી શકાય તેમ છે. આ માટે ભારત સરકાર દ્વારા આગામી તા.૧૧–૧૧–૨૦૦૯ ના દિવસને નેશનલ ફાઈલેરીયા ડે તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે, તથા તા.૧૨–૧૧–૦૯ થી તા.૧૬–૧૧–૦૯ દરમ્યાન શહેરની તમામ વ્યકિતઓને એક જ દિવસે એક જ ડોઝ **DEC** અને **Albendazole** ટેબ્લેટસનો ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ માટે ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧–૧૧–૨૦૦૯ નાં રોજ ફાઈલેરીયા ડે નાં દિવસે સુરત શહેરનાં તમામ વિસ્તારોમાં માઈક્રો ફાઈલેરીયાના વાહક દર્દીઓની સંખ્યા વધતી અટકાવી શકાય તે માટે તમામ વ્યકિતઓને દવાનો નિયત ડોઝ ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ એ કયુલેકસ માદા મચ્છરો દ્વારા ફેલાતો રોગ છે. જે મચ્છરો ગંદા પાણીમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યના શરીરમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા નામના પરોપજીવી કે જે હાથીપગાના રોગના ફેલાવા માટે જવાબદાર છે, તેનો એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં ફેલાવો આ માદા કયુલેકસ મચ્છરો દ્વારા કરવામાં આવે છે. એક વાર મનુષ્યમાં આ રોગના લીધે શરીર ઉપરના સોજા ચાલુ થાય, ત્યાર બાદ તેને સંપુર્ણ સાજો કરવો શકય નથી, આથી મનુષ્યમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા મનુષ્યની લિમ્ફેટીક સીસ્ટમ ઉપર અસર કરી શરીર ઉપર સોજા ચઢવાના શરૂ થાય તે પહેલા **DEC** અને **Albendazole** દવા ગળવાથી આ રોગ ઉપર અંકુશ મેળવી શકાય છે. બહારથી સંપુર્ણ સ્વસ્થ દેખાતી વ્યકિતને પણ માઈક્રો ફાઈલેરીયાનો ચેપ મચ્છર દ્વારા લાગુ પડેલ હોય શકે છે, આથી કોઈ પણ પ્રકારના દેખીતા ચિન્હો સિવાય પણ વ્યકિત ફાઈલેરીયા ગ્રસ્ત અને તેના ફેલાવા માટે જવાબદાર હોય શકે છે, આથી સમયસર ફકત પરિક્ષણ અને માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન **sMDA**૯ પ્રોગ્રામ હેઠળ દવા ગળી આ રોગ સામે સ્વયંપણે રક્ષિત થઈ શકે છે, અને અન્યોને પણ આના ચેપથી બચાવી શકાય છે.

આ કાર્યક્રમની સફળતા માટે અને લોકોને આ કાર્યક્રમ દ્વારા લીમ્ફેટીક ફાઈલેરીયાસીસ (હાથી પગાના રોગ)થી રક્ષિત કરવા માટે લોકોનો અને સમાજના અગ્રગણ્ય વ્યકિતઓનો સ્વયંભુ સહકાર ખૂબ જ મહત્વની વસ્તુ છે. જેથી કરીને સમાજના તમામ વર્ગને આ ભયંકર રોગના વિકરાળ જડબામાંથી બચાવી સમાજ સેવાનું એક ઉમદા કાર્ય પાર પાડી શકાય.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧–૧૧–૨૦૦૯ ના નેશનલ ફાઈલેરીયા દિનના રોજ આયોજન કરેલ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન પ્રોગ્રામ માટે તૈયાર કરવામાં આવેલ એકશન પ્લાનની રૂપ રેખા મુજબ સુરત શહેરની વર્ષ ૨૦૦૯ ની ૩૮,૫૦,૭૯૬ ની લક્ષ્યાંક વસ્તીને આવરી લેવા માટે કુલ ૧૬૦૦ ટીમો બનાવવામાં આવેલ છે, અને કુલ ૩,૨૦૦ સ્ટાફ રોકવામાં આવેલ છે. દરેક ટીમમાં બે ડ્રગ ડિસ્ટ્રીબ્યુટર હશે. ૧૫ ટીમ દીઠ એક સુપરવાઈઝર રોકવામાં આવેલ છે. આમ, કુલ ૧૦૭ સુપરવાઈઝરો રોકવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાનાં ૩૨ અર્બન હેલ્થ સેન્ટરો તથા અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ અને હોસ્પિટલોને ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મ્યુ.કમિશનરશ્રી, ઈ.ચા. ડેપ્યુટી કમિશનરશ્રી(હે. અને હો.) અને આરોગ્ય અધિકારી તથા જંતુનાશક અધિકારી અને તમામ ઝોનનાં નાયબ/આસી. આરોગ્ય અધિકારી, તમામ મેડીકલ ઓફિસર, તમામ આસી.જંતુનાશક અધિકારી, પેરા મેડીકલ સ્ટાફ તેમજ શહેરની તમામ કોલેજોનાં એન.એસ.એસ. અને એન.સી.સી.નાં વિદ્યાર્થીઓને લઈને ખૂબ જ મોટા પ્રમાણમાં આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાને હાથીપગાની ગંભીરતાને લઈને યોગ્ય સાથ–સહકાર આપવા સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## માયસોર મહાનગરપાલિકાના ૧૭ મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ તથા બે અધિકારીશ્રીઓની ટીમ સુરતની મુલાકાતે



માયસોર મહાનગરપાલિકાના ૧૭ મહિલા મ્યુ. સદસ્યશ્રીઓ તથા બે અધિકારીશ્રીઓની ટીમ તા. ૦૬–૧૧–૦૯ થી તા. ૦૯–૧૧–૦૯ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના **JnNURM** પ્રોજેકટ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વોટર સપ્લાય અને **UGD** મેન્ટેનેશનના કામોની માહિતી મેળવવા સુરત શહેરની મુલાકાતે આવી હતી.

સદર ટીમે ત્રણ દિવસ સુધી સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, કોસાડ આવાસ યોજના, કતારગામ વોટરવર્કસ, ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટયુટ, ઈન્ડોર સ્ટેડિયમ, પાલ ટ્રાન્સફર સ્ટેશન, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, સોલિડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ, તથા ખજોદ પ્લાન્ટ, રાત્રિ સફાઈની મુલાકાત લીધી હતી. આજ રોજ સવારે ૧૧.૩૦ કલાકે માયસોર સિટી કોર્પોરેશનનું ડેલીગેશન અને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ સાથે વિશદ ચર્ચા માટે સુરત મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટિરૂમમાં એક મીટીંગનુ આયોજન કરવામાં આવેલ હતું.

મીટીંગના પ્રારંભમાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓને મહેમાનોનો પરિચય આપી ઉપસ્થિત મહાનુભાવોનું મહાનગરપાલિકાના કમિશનરશ્રી કુ. એસ. અપર્ણાએ સ્વાગત કરતા સુરત શહેરની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે સુરત શહેરમાં પરપ્રાંતીય લોકોની વસ્તી વધુ છે. જેથી સુરત શહેર મીની ઈન્ડિયા ગણાય છે. જુના શહેર અને નવા વિસ્તારની સ્ટ્રોમ ડ્રેનેજ અંગેની વિવિધ માહિતી તથા આ અંગે પૂર્ણ થયેલ પ્રકલ્પો અને વિકાસ હેઠળના પ્રકલ્પોની વિગતવાર માહિતી આપી. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે માહિતી આપતા તેમણે રાત્રિ સફાઈ, ડોર ટુ ડોર ગાર્બેજ ડેલી કલેકશન અંગે આંકડાકીય માહિતી તથા રસ્તા નેટવર્ક, ફલાય ઓવર ની શૃખંલા અને જુદા જુદા ટેકસ અંગેની માહિતી શહેરી ગરીબો માટે આવાસ યોજના લોકભાગીદારીથી ટ્રાફિક આઈલેન્ડોની રચના, બી.આરટીએસ પ્રોજેકટ હેઠળ રસ્તા અને બ્રીજના પ્રકલ્પોની માહિતી , **m' Governer** યોજના હેઠળ શહેરના વાલીઓને **''SMS''** ધ્વારા **BCG, DPT** અને ત્રિગુણી રસી સમયબધ્ધ રીતે મુકાવવા નાગરિકોને જાણ કરતા કાર્યક્રમની માહિતીની પ્રેઝન્ટેશન સાથે રજુઆત કરી વિશદ ચર્ચા કરી હતી. આ ચર્ચામાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ અને જુદા જુદા વિભાગીય વડાઓ જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડેલીગેશનનું મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સ્મૃતિભેટ અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમના અંતમાં માયસોર કોર્પોરેશનના ડેલીગેશન વતી ડે. મેયરશ્રી શારદામ્માએ સુરતના વિકાસ અને વિવિધ પ્રકલ્પોની પ્રશંસા કરી માયસોર સિટીની મુલાકાત લેવા પદાધિકારીશ્રીઓને નિમંત્રણ આપ્યું હતું.

TOP

## માહે ઓકટોબર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૪૦૩૭ ઈન્ડોર તથા ૩૬૭૫૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૭૧૨ તથા મોટા ૫૨૧ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૭૧૪૨ એક્ષ રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૯૧ અને જુના ૪૭૫ દર્દીઓ સહીત કુલ ૬૬૬ દર્દીઓને તપાસવામાં આવ્યા અતા. દાંતના રોગો માટે કુલ ૧૪૧૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૦૦૦ તથા આંખ વિભાગમાં ૨૩૨૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૨૯૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન ખાતે ફલાય ઓવર બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ વરાછા ઝોન ખાતે વરાછા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર ફલાય ઓવર બ્રિજની ઉદ્‌ઘાટનવિધિ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી દિપકાભાઈ આફ્રિકાવાલાના વરદ્‌હસ્તે તા. ૧૧–૧૧–૨૦૦૯ નાં રોજ માનનીય મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે તેમજ શ્રીમતિ દર્શનાબેન જરદોશ મા. સાંસદરશ્રીના મુખ્ય મહેમાનપદે સંપન્ન થઈ.





શહેરમાં વિવિધ જગ્યાઓએ નદી ઉપરના પુલો, ફલાય ઓવર બ્રિજ, ખાડી ઉપરના પુલો, રોડ ઓવર બ્રિજ તેમજ અંડર પાસનું બાંધકામ કરીને સુરત શહેરના ઝડપી વિકાસમાં અભુતપૂર્વ કામગીરી કરેલ છે. ઉકત કામગીરીના ભાગરૂપે શહેરને નેશનલ હાઈવે નં.૮ સાથે જોડતા મેઈન રોડ પર કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેના જંકશન પર ફલાય ઓવર બ્રિજ બનાવવાનું આયોજન હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ કેન્દ્ર સરકારની **JnNURM** સ્કીમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. જેની મંજુર પ્રોજેકટ કોસ્ટ રૂા.૯.૩૨ કરોડ છે. જે પૈકી કેન્દ્ર સરકારશ્રીનો ૫૦ ટકા લેખે રૂા.૪.૬૬ કરોડ અને રાજય સરકારશ્રીનો ૨૦ ટકા લેખે રૂા.૧.૮૬૪ કરોડનો ફાળો છે.

કાપોદ્રા ફાયર સ્ટેશન જંકશન પર ટ્રાફિકની સુવિધા અને સરળતા માટે રોડ લેવલ પર સબ–વે સહિતના ફલાય ઓવર બ્રિજનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કામરેજથી સુરત તરફ જતો ૩ લેઈન (૧૨.૦ મી.) પહોળાઈનો, આશરે ૫૧૧ મી. લંબાઈ ધરાવતો મેઈન ફલાય ઓવર બ્રિજ ઉપરાંત આશરે ૩૪ મી. લંબાઈ અને ૫ મી. પહોળાઈ તથા ૩ મી. ઉચાંઈ ધરાવતો રાહદારીઓ માટેના પેડેસ્ટ્રીયન સબ–વેનું આયોજન છે. તેમજ ૭.૦ મી. પહોળાઈનો સુરત તરફનો ગ્રેડ સેપરેટર અને ૧૬.૦ મી. પહોળાઈનો કામરેજ તરફનો ગ્રેડ સેપરેટર બનાવવામાં આવશે. જે પૈકી હાલ તુરંત મેઈન ફલાયઓવરની કામગીરી પૂર્ણ થયેલ હોય તેનું લોકાર્પણ કરવામાં આવી રહેલ છે. સમગ્ર પ્રકલ્પનો અંદાજીત ખર્ચ રૂા.૧૦.૭૩ કરોડ છે. જેમાંથી હાલ તુરંત કાર્યરત થનાર થ્રી લેન ફલાય ઓવર બ્રિજનો કુલ ખર્ચ રૂા.૮.૭૮ કરોડ જેટલો થયેલ છે.

આ પ્રસંગે અતિથિવિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર) મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ મા. નેતાશ્રી શાસક પક્ષ, એસ. અપર્ણા, મા. કમિશનરશ્રી તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ' ઓકટેવ–સુરત ૨૦૦૯



ભારત સરકારના સાંસ્કૃતિ મંત્રાલય,પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય ઉદયપુર, ઉત્તર–પૂર્વ ક્ષેત્રિય સાંસ્કૃતિક કેન્દ્ર, દીમાપુર, ગુજરાત રાજયનો યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે 'ઓકટેવ–સુરત ૨૦૦૯' ઉત્તર–પૂર્વીય રાજયોનો કલા–સંસ્કૃતિ ઉત્સવ તા. ૭ થી ૧૧ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજવામાં આવેલ, જેનો શુભારંભ તા. ૭–૧૧–૦૯ ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સમારંભના પ્રમુખ, રાજસ્થાનના મહામાહિમ રાજયપાલશ્રી અને વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર ઉદેપુરના ચેરમેનશ્રી એસ. કે. સિંઘ દ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે લેડી ગર્વનર શ્રીમતી મંજુસિંઘ, ગુજરાત રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા, મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, શ્રી સી. આર. પાટીલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશનર કુ. એસ. અપર્ણા, ડાયરેકટરશ્રી, વેસ્ટઝોન કલ્ચર સેન્ટર, ઉદેપુર અને ડાયરેકટરશ્રી, નોર્થ–ઈસ્ટ, નોર્થ–ઈસ્ટઝોન કલ્ચર સેન્ટર,નવી દિલ્હી વિ.ના મહાનુભાવો દીપ પ્રાગટયમાં સહભાગી થયા હતા.

સ્વાગત પ્રવચનમાં મ્યુ. કમિશનર કુ. એસ.અપર્ણાએ સર્વેને આવકારી મહામાહિમ રાજયપાલશ્રી એસ. કે. સિંઘએ સમય ફાળવી સમારંભમાં ઉપસ્થિત રહેવા બદલ વિશેષ આભાર માન્યો હતો. ત્યારબાદ નોર્થ–ઈસ્ટ ઝોન કલ્ચર સેન્ટર, દીમાપુરના ડાયરેકટરશ્રીમતી વી.હેકાલી ઝીમોમીએ ' ઓકટેવ ' બાબતે વિગતો આપી હતી. મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતના કલા અને સાહિત્ય રસિક જનતાને આ પ્રસંગે ઉત્તર–પૂર્વના રાજયોની સંસ્કૃતિથી પરિચિત થવાની તક તરીકે વર્ણવી હતી. સાંસદશ્રી સી. આર. પાટીલે સહભાગી તમામ સંસ્થાઓ દ્વારા આ રીતના સાંસ્કૃતિક આયોજન કરવા બદલ આભાર માન્યો હતો. ગુજરાત રાજયના યુવક સેવાઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ તેમના વકતવ્યમાં ગુજરાત રાજય, ભારતના તમામ રાજયોની સંસ્કૃતિને માન આપી દેશમાં એકતાની ભાવના ઉજાગર કરવા માટે કરવામાં આવતા અન્ય આયોજનોનો ઉલ્લેખ કર્યો હતો.

Continue …

મહામાહિમ રાજયપાલશ્રી એસ. કે. સિંઘએ તેમના પ્રતિભાવમાં પૂર્વોત્તર રાજયો ઉપર બહારના તત્વોના દબાણને વશ ન થઈ આ રીતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી ભારતની એકતાને પ્રદર્શીત કરવા માટે કરેલ આયોજન બદલ સહભાગી તમામ આયોજકોનો આભાર માન્યો હતો.તથા ભારતના લોકો યુધ્ધમાં નહીં પરંતુ મહાત્મા ગાંધીજીના દર્શાવેલ શાંતીના પથ ઉપર ચાલનાર હોવાનું જણાવ્યું હતું. અને હવે પછીના ઓકટેવનું આયોજન પૂર્વોત્તર રાજયોમાં કરવા અનુરોધ કર્યો હતો.

અંતમાં વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર ઉદેપુરના ડાયરેકટર શ્રી એલ. એન. મંત્રીએ આભારવિધિ સંપન્ન કરી હતી.

સુરત મહાનગરપાલિકા શહેરની કલા અને સાંસ્કૃતિક રસિક જનતાને નીચે મુજબના કાર્યક્રમો માણવા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.



**પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ,અઠવાલાઈન્સ,સુરત**

| | તારીખ | કાર્યક્રમ | સમય |
|---|---|---|---|
| ➢ | ૧૦ નવેમ્બર ૨૦૦૯ | આસામી શાસ્ત્રીય નૃત્ય –સત્રીયા | રાત્રે ૮–૦૦ |
| ➢ | ૧૦ નવેમ્બર ૨૦૦૯ | કોરલ ગાયન | રાત્રે ૯–૦૦ |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | મણીપુરી શાસ્ત્રીય નૃત્ય | રાત્રે ૮–૦૦ |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | સમાપન સમારોહ | રાત્રે ૮–૩૦ |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | મેઘાલય અને નાગાલેન્ડ કલાકારોનો પાશ્ચાત્ય સંગીત | રાત્રે ૯–૦૦ |
| ➢ | તા. ૭ થી ૧૧ નવેમ્બર ૦૯ | હસ્તકળા(શિલ્પકળા),પુસ્તક અને ચિત્રપ્રદર્શન | બપોરે ૧૨.૦૦ કલાકથી |
| | ***ગાંધીસ્મૃતિભવન, નાનપુરા, સુરત રાત્રે ૯.૦૦ કલાકે*** | | |
| ➢ | ૧૦ નવેમ્બર ૨૦૦૯ | આસામી નાટક " મીરી જીયોરી" | |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | નેપાલી નાટક " રાજકુમાર નામગ્યાલ" | |

TOP

## ઓકટેવ સૂરત–૨૦૦૯

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય, પશ્ચિમ ક્ષેત્રે સાંસ્કૃતિક મંત્રાલય ઉદયપુ, ઉત્તર–પૂર્વ ક્ષેત્રિય સાંસ્કૃતિક કેન્દ્ર દીમાપુર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ''ઓકટેવ સૂરત–૨૦૦૯''નું આયોજન તા. ૭ થી ૧૧ નવેમ્બર–૨૦૦૯ દરમ્યાન પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે આયોજનના ભાગરૂપે ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવડ, નાનપુરા, સુરત ખાતે તા. ૯ થી ૧૧ નવેમ્બર–૨૦૦૯ દરમ્યાન અનુક્રમે મણીપુરી નાટક 'અચીક પગી ખોનજેલ', આસામી નાટક 'મીરી જીયોરી' અને નેપાળી નાટક 'રાજકુમાર નામગ્યાલ' નાટકોનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ નાટ્યોત્સવનો શુભારંભ તા.૯/૧૧/૨૦૦૯ના રોજ મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્વાતિબેન ભટ્ટ, સાંસ્કૃતિક સમિતિના સભ્યોશ્રીમતી પ્રભાબેન તરસરીયા, શ્રી વજુભાઈ સુહાગીયા તથા પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રી લેક હુસેનએ દીપપ્રાગટ્યથી કરાવ્યો હતો.

તા.૯/૧૧/૦૯ના રોજ મણીપુરી નાટક 'અચી પગી ખોનજેલ' કે જે ઈમ્ફાલના પેરેડાઈઝ થિયેટર ગૃપ દ્વારા તૈયાર કરવામાં આવેલ હતો. ઉપરાંત ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ફોક,ફોક ફયુઝન, વસ્ત્ર પરિધાન(કોસ્ચ્યુમશો)નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેનો શહેરની કલા અને સંસ્કૃતિ રસિક નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી આ બન્ને કાર્યક્રમોનો લાભ લીધો હતો.

સુરત મહાનગરપાલિકા શહેરની કલા અને સાંસ્કૃતિક રસિક જનતાને બાકીના નીચે મુજબના કાર્યક્રમો માણવા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

**પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ,અઠવાલાઈન્સ,સુરત**

| | *તારીખ* | *કાર્યક્રમ* | *સમય* |
|---|---|---|---|
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | મણીપુરી શાસ્ત્રીય નૃત્ય | રાત્રે ૮–૦૦ |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | સમાપન સમારોહ | રાત્રે ૮–૩૦ |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | મેઘાલય અને નાગાલેન્ડ કલાકારોનો પાશ્ચાત્ય સંગીત | રાત્રે ૯–૦૦ |
| ➢ | ૭ થી ૧૧ નવેમ્બર ૦૯ | હસ્તકળા(શિલ્પકળા),પુસ્તક અને ચિત્રપ્રદર્શન | બપોરે ૧૨.૦૦ કલાકથી |
| | | ***ગાંધી સ્મૃતિ ભવન, નાનપુરા, સુરત*** | |
| ➢ | ૧૧ નવેમ્બર ૨૦૦૯ | નેપાલી નાટક '' રાજકુમાર નામગ્યાલ'' | રાત્રે ૯.૦૦ કલાકે |

**TOP**

## "ઓકટેવ–સુરત–૨૦૦૯" ની પૂર્ણાહુતી

ભારત સરકારના સાંસ્કૃતિ મંત્રાલય,પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય ઉદયપુર, ઉત્તર–પૂર્વ ક્ષેત્રિય સાંસ્કૃતિક કેન્દ્ર, દીમાપુર, ગુજરાત રાજયનો યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "ઓકટેવ–સુરત–૨૦૦૯" ઉત્તર –પૂર્વીય રાજયોનો કલા–સંસ્કૃતિ ઉત્સવ તા. ૭ થી ૧૧ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. જેનો સમાપન સમારોહ તા.૧૧/૧૧/૨૦૦૯ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં વેસ્ટ ઝોન કલ્ચર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુરના પ્રતિનિધિઓ દ્વારા શ્રી તુષારભાઈ ચૌધરી, કેન્દ્રના આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડિયા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રી વજુભાઈ સુહાગીયા, ટ્રાઈફેડના ડિરેકટરશ્રી તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મેઘાલય અને નાગાલેન્ડ રાજયના કલાકારો દ્વારા રાધા–કૃષ્ણ ઉપર આધારિત પાશ્ચાત્ય સંગીતનો કાર્યક્રમ રજુ કર્યો હતો. ત્યારબાદ મેઘાલયના શિલોંગ બેઈઝ્ડ શોલમેઈટ બેન્ડ દ્વારા "બ્લુઈશ વોઈસ"નો રોક બેન્ડ શો રજુકર્યો હતો. ત્યારબાદ નાગાલેન્ડના ડાઈ ટ્રાઈબ બેન્ડના પાંચ કલાકારોના ગૃપે તૈયાર કરેલ નાગાફોક સાઉન્ડ રજુ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શહેરના યુવા અને સંગીત રસિક પ્રેમીઓ પણ રોક બેન્ડમાં સહભાગી થયા હતા. આ ઉત્સવ નિમિત્તે ગાંધી સ્મૃતિ ભવન ખાતે શ્રી બીપીનકુમાર દિગ્દર્શીત નેપાળી નાટક "રાજકુમાર નામગ્યાલ" રજુ કરવામાં આવ્યો હતો. આ ઉત્સવ નિમિત્તે ઉત્તર–પૂર્વના રાજયોની કળા–સંસ્કૃતિ, હેન્ડીક્રાફટ, વ્યંજન(ખાદ્ય)મેળો, ચિત્ર અને શિલ્પકળા પ્રદર્શનના વિવિધ સ્ટોલો દ્વારા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પણ શહેરના નગરજનોએ મોટી સંખ્યામાં મુલાકાત લીધી હતી. અંતમાં વેસ્ટ ઝોન કલ્ચર ઉદયપુરના પ્રતિનિધિએ આ આયોજન માટે સુરત મહાનગરપાલિકાએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, ગાંધી સ્મૃતિ ભવન તથા કલાકારોને રહેવા માટે સુમન સાંસ્કૃતિક ભવન વિનામૂલ્યે ફાળવવા બદલ અને શહેરની કલા અને સંસ્કૃતિ રસિક નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ સર્વેનો આભાર માન્યો હતો. આમ "ઓકટેવ–સુરત–૨૦૦૯" નું તા.૭ થી ૧૧ નવેમ્બર–૨૦૦૯ દરમ્યાન ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

TOP